| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૩/૦૮/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૬૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૬૫૬ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૬૨,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૬૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૨૭૦/૨૦૨૩**

**બાપુનગરઃ** નિકુંજભાઈ પૂનમભાઈ દેસાઈ (રહે. જ્યોતિ કો.ઓપરેટિવ સોસાયટી પ્રતિક શાક માર્કેટ ઈન્ડિયા કોલોની બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૪૫ થી તા.૦૨/૦૮/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ઓઢવઃ** તુષારગીરી જયંતીગીરી ગોસાઇ (રહે. શ્રીધર હાઇટસ દેવસ્ય સ્કુલની બાજુમાં સિંગરવા ઓઢવ) એ તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી તા.૩૧/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૬,૬૮૨/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિચ્યન ચલાવે છે.

## **સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૧/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** અલ્પેશભાઈ ભરતભાઈ પંચાલ (ઉ.વ.૩૫) (રહે.સ્વાર્થી એપાર્ટમેન્ટ, સુપર સ્કુલની બાજુમાં અંબિકાનગર ઓઢવ) તા.૧૩/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ગાંધી મેડીકલ આગળથી એકટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે જી.ડી.ત્રણ રસ્તા તરફ થી કાળા રંગના એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અલ્પેશભાઇના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અલ્પેશભાઈ પંચાલે તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

## **વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૨/૨૦૨૩**

**રાણીપઃ** રમેશભાઈ નાજાભાઈ રાઠોડ (રહે.સુવર્ણ એપાર્ટમેન્ટ જી.એસ.ટી ફાટક રોડ રાણીપ) એ તા.૦૧/૦૮/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગે પોતાના રહેણાંક સામે પોતાની બોલેરો ગાડી નંબર જીજે.૦૯.એમ.૫૧૨૫ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૨/૦૮/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રમેશભાઈ રાઠોડ એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

## **આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૩/૨૦૨૩**

**શહેરકોટડાઃ** સન્નીભાઇ ઉર્ફે કાલુ સ/ઓ જયંતીભાઇ પટણી(ઉ.વ.૨૩)(રહે.પટણીવાસ, રાજસ્થાન વિડીયો પાસે, પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લાગેલ લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** દિપકકુમાર લલીતભાઇ શર્મા (રહે.ડાયમંડ ફ્લેટ આશારામ આશ્રમ પાછળ ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૮/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર જેસંગભાઇ ચલાવે છે.

**નરોડાઃ** જયમીન રાજેશભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે. પલ એલીગન્સ, તુલસી રેસીડન્સીની બાજુમાં ૧૦૮ ઓફીસ સામે નરોડા) એ બીમારીથી કંટાળી તા.૦૨/૦૮/૨૦૨૩ સવારના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** મુન્નીદેવી વા/ઓ છબીનાથસિંહ ભદોરીયા (ઉ.વ.૬૦)(રહે.કુંભાજીની ચાલી શંકર ભગવાનના મંદિર પાસે રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૮/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.દેસાઇ ચલાવે છે.

**વટવાઃ** નાસીરખાન ઉર્ફે મુન્નાભાઇ સ/ઓ યુનુસખાન પઠાણ (ઉ.વ.૪૭)(રહે. જાફર રો-હાઉસ નવાપુરા વટવા) એ બીમારીથી કંટાળી તા.૦૨/૦૮/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશકુમાર મણીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી